**Registration No.:CC/ 147637/2021**
**Filing No.: CC/ 147637/2021**
**Filed On:02/12/2021**
**Registered On :02/12/2021**
**Decided on : 11/12/2021**
**Duration: dd/mm/yy**

**IN THE COURT OF ADD.CHEIF METROPOLITAN MAGI.COURT NO.1 AT.AHMEDABAD**

**CRIMINAL CASE NO. 147637/2021**

**Exh.03**

**Complainant**:

1. **The state of Gujarat**

**VERSUS**

**Accused**:

1. **Ganeshbhai Kishanlal Gader, Age:22 ,Occupation: Business, At:5, Ramesh Bharvad na Makan, Radhakrushn Temple , Bharavad vas, Shavadi ,Narol, Ahmedabad.**

Appearance :
Miss. M. A. Macwan A.P. P. For Complainant 1,
No Advocate For Accused 1 ,

---

**ગુનો: ભારતીય દંડ સંહિતાની કલમ–૨૮૩ મુજબ.**

## –: J U D G E M E N T :–

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે આ કામના આરોપીએ તા.૧૦–૦૯–૨૦૨૧ ના કલાક ૨૦:૪૫ વાગ્યે પોતાની નારોલ સર્કલ મિતલ સ ેલ્સની સામે પોતાના કબજાની ભેરુનાથ નામની આઈસ્કીમની લારી સરેઆમ જાહેર રોડ ઉપર ઉભી રાખી આવતા જતા રાહદારી ટ્રાફિકને અડચણ થાય તેમ કરી રાખેલ હોઈ તે અંગે ફરીયાદીએ ફરીયાદ આપતાં તે અંગે ''જી'' ટ્રા. પો.સ્ટે.પાર્ટ બી. ગુ. રજી.નં.૫૦૯/૨૦૨૧નો ભારતીય દંડ સંહિતાની કલમ–૨૮૩ મુજબનો ગુનો કરેલ જે અંગે તપાસના અંતે ત.ક.અધિ.શ્રીએ ક્રિ. પો.કોડની કલમ ૧૭૩(૨) તળે ચાર્જશીટ કરેલ છે.

(૨) આરોપીને સમન્સ કાઢતાં પેટી ઓફેન્સ હોઈ આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવેલ

છે.

(૩) આરોપી સામે ઈન્સાફી કાર્યવાહી થતાં અગાઉ આરોપીનાએ ગુનો કબુલ કરેલ છે અને તેમનો પ્રથમ ગુનો છે અને તેમના કુટુંબના ભરણપોષણની જવાબદારી તેમના શિરે રહેલ છે તેવી રજુઆત કરેલ છે. આરોપીના ગુનો કબુલ કરેલ છે તે અંગે તે ગુનો કબુલ કરવા બંધાયેલ નથી તેમજ ગુનાની સજાની જોગવાઈ સમજાવવા છતાં તેઓ ગુનો કબુલાતને વળગી રહેલ છે જેથી તે ન માનવાને કોઈ કારણ નથી. આથી આરોપીને હવે ઈ.પી.કો. કલમ–૨૮૩ તળેના ગુના સબબ તકસીરવાન ઠરાવવામાં આવે છે. આરોપીનો પ્રથમ ગુનો હોઈ કાયદાનુસાર મહત્મ સજા ન કરતાં હળવી સજા કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાઈ રહે તેમ છે. આથી, વિશેષ ચર્ચા ન કરતાં નીચે પ્રમાણે હુકમ કરવામાં આવે છે.

–:: હુકમ ::–

(૧) આરોપીને ભારતીય દંડ સંહિતાની કલમ–૨૮૩ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવીને રૂા.૧૦૦/–(એકસો રૂપિયા પુરા)નો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડ ભરવામાં નિષ્ફળ જાય તો દિન–૧૫ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા.૧૧–૧૨–૨૦૨૧ના રોજ સ્પેશીલ સીટીંગમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

Date .11/12/2021
Place :
SPECIAL SITTING ,
AHMEADABAD

(MR.UTTAMKUMAR NARAYANDAS SINDHI)
GJ-00741
ADDL.CHIEF METROPOLITAN MAGI.
COURT NO.1,AHMEADABAD